# સારાંશ

# ટોરેન્ટ પાવર લિમીટેડ સુરત સપ્લાય એરિયા

# કેસ નંબર ૧૮૪૫/૨૦૧૯

## પૂર્વભૂમિકા

૧.૧ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ ની જોગવાઇઓ મુજબ, ટીપીએલ આ અરજી માનનીય કમીશન સમક્ષ નીચેની વિગતોની મંજૂરી મેળવવા કરેલ છે.

૧. નાંણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે એઆરઆરનું ટ્રુ-અપ અને નિયંત્રીત/અનિયંત્રીત પરિબળોને લીધે થયેલ નફા/નુકશાનની વહેંચણી

૨. નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ની ખાધ/પુરાંતનું નિર્ધારણ

૩. નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે વિજદરનું નિર્ધારણ

## નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ના ટ્રુ અપઃ

૧.૨ માનનીય કમીશને નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે ટીપીએલ-ડીના એઆરઆરની મંજૂરી ૯ જુન ૨૦૧૭ ના એમવાયટી ઓર્ડર (કેસ નંબર ૧૬૨૮/૨૦૧૬) દ્વારા આપી છે. જે નાંણાકિય વર્ષ ૨૦૧૮-૧૯ માટેના અનુમાનો પર આધારીત હતા. એઆરઆરની મંજૂરી નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ની વાસ્તવિક વિગતો પર થનાર ટ્રુ-અપ પર આધારીત હતી.

૧.૩ ટીપીએલ-ડીએ, જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન, ૨૦૧૬ મુજબ માનનીય કમીશનના ૯ જુન, ૨૦૧૭ ના એમવાયટી ઓર્ડરના (કેસ નંબર ૧૬૨૮/૨૦૧૬) આધારે ટ્રુ-અપ માટેની અરજી કરેલ છે.

૧.૪ ટીપીએલ-ડીએ એઆરઆરના ટ્રુ અપ માટે નીચેના માપદંડ ધ્યાનમાં લીધા છે.

૧. વીજળીની ખરીદના સ્તોત્રમા, જથ્થામાં અને કિંમતમાં થતા ફેરફારના કારણે વીજળીની ખરીદ ખર્ચમાં થતો બદલાવ.

૨. ફીકસડ ખર્ચા, જેમ કે ઓ એન્ડ એમ ખર્ચ, વ્યાજ ખર્ચ, માલ-મિલકતની કિંમતમાં થયેલ ઘસારો, ઘાલખાધ, ઇકવીટી પર મળતો નફો, આવકવેરો અને નોન ટેરીફ આવકમાં થતા બદલાવ.

૩. નિયંત્રિત અને અનિયંત્રિત પરિબળોને ગણતરીમાં રાખીને નફા/નુકશાનની વહેંચણી.

૧.૫ નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે વીજળીની જરુરીયાત, વાસ્તવિક વેચાણ અને વાસ્તવિક ટી એન્ડ ડી લોસ પર આધારીત છે. સુરત પુરવઠા વિસ્તારનું વેચાણ ૩૨૭૬.૧૫ એમયુ છે. નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે વાસ્તવિક વીજ વિતરણ લોસ ૩.૪૩ ટકા થયેલ છે.

ટીપીએલ-ડી(એસ)એ વીજ વિતરણ લોસમાં માનનીય કમીશનના નિર્ધારીત કરેલ લોસ કરતા ઉત્કૃષ્ટ કામગીરી બજાવી છે.

૧.૬ એઆરઆરની ગણતરી વાસ્તવિક ખર્ચાઓ અને ૯ જુન, ૨૦૧૭ના એમવાયટી ઓર્ડર (કેસ નંબર ૧૬૨૮/૨૦૧૬) મુજબ મંજૂર કરેલ ખર્ચાઓને ધ્યાને લઇ કરવામાં આવી છે. કિંમત, જથ્થા અને સ્તોત્રમાં થતા બદલાવને કારણે વીજળીની ખરીદ કિંમતમાં થતો ફેરફાર અનિયંત્રીત છે અને તે મુજબ, તે એઆરઆરમાં ધ્યાને લેવામાં આવેલ છે. પરંતુ, કાર્યક્ષમતાના માપદંડમાં થતા ફેરફારના કારણે ખર્ચાઓમાં થતો ફેરફાર નિયંત્રીત છે અને તેને લીધે થતા નફાને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન, ૨૦૧૬ માં ઉલ્લેખવામાં આવેલ નફા/નુકશાનની વહેંચણી પધ્ધતિના આધારે, એઆરઆરમાં ગણતરીમાં લેવામાં આવેલ છે. સુરતના સપ્લાય વિસ્તારનો વીજ વિતરણ લોસ મંજૂર થયેલા વિતરણ લોસની સરખામણીમાં ઘટેલ છે. વિતરણ લોસમાં થયેલા ઘટાડાને કારણે થયેલ ફાયદો જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન, ૨૦૧૬ અનુસાર ગણતરીમાં લેવામાં આવેલ છે.

૧.૭ સુરત સપ્લાય વિસ્તારના ફીક્સડ ખર્ચાઓ જેમ કે ઓ એન્ડ એમ ખર્ચ, વ્યાજ ખર્ચ, માલ-મિલકતની કિંમતમાં થયેલ ઘસારો, ઘાલખાધ, ઇક્વીટી પર મળવાપાત્ર વળતર, આવકવેરો અને નોન ટેરીફ આવકને દરેકનાં નિયંત્રીત/ અનિયંત્રીત પરિબળોના વર્ગીકરણનાં આધારે ટ્રુ અપ કરવામાં આવેલ છે. એ પ્રમાણે નફા/નુકાશાનની વહેંચણી કરી, એઆરઆરનું ટ્રુ અપ કરવામાં આવેલ છે. આ રીતે ટ્રુઇંગ અપ કરેલ એઆરઆરને નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૧: નાંણાકિય વર્ષ ૨૦૧૮-૧૯ માટે સુરત સપ્લાય વિસ્તારનું ટ્રુ અપ કરેલ એઆરઆર**

| રુ. કરોડમાં | | વાસ્તવિક |
|---|---|---|
| એમવાયટી ઓર્ડર મુજબ એઆરઆર | (એ) | ૨,૦૨૧.૩૦ |
| અનિયંત્રીત પરિબળો ને કારણે નફો/(નુકશાન) | (બી) | (૩૨૧.૫૬) |
| નિયંત્રીત પરિબળો ને કારણે નફો/(નુકશાન) | (સી) | ૧૨.૧૧ |
| ટેરીફ તરીકે પાસ થશે | ડી=-(બી+૧/3 સી) | ૩૧૭.૫૨ |
| ટ્રુ-અપ એઆરઆર | ઇ= એ+ડી | ૨,૩૩૮.૮૨ |

૧.૮ ટીપીએલ-ડી જણાવે છે કે જીઇઆરસી દ્વારા મંજુર કરેલ અગાઉના વર્ષોની ખાધ/(પુરાંત)ની વસૂલાત આવકની ગણતરીમાં ધ્યાને લીધેલ છે જે માનનીય કમીશનના ૩૧ માર્ચ, ૨૦૧૮ ના ઓર્ડર (માનનીય ટ્રીબ્યુનલના ૪ ઓકટોબર, ૨૦૧૯ ના ચુકાદા સાથે) અને ૧૯ ઓગસ્ટ, ૨૦૧૯ ના ઓર્ડર તેમજ તેની અનુગામી સમયગાળા માટે સંબંધિત અસર સાથે ધ્યાને લેતા રુ ૧૧૩.૬૨ કરોડ થાય છે.

૧.૯ તદઉપરાંત, ટીપીએલ-ડીએ ઉપરોક્ત અગાઉના વર્ષોની ખાધની વસૂલાતમાં માનનીય કમીશને નિયુક્ત કરેલ એજન્સી દ્વારા કરેલા થર્ડ પાર્ટી ઓડિટ અને માનનીય કમીશના ૨૪ એપ્રિલ, ૨૦૧૯ ના ઓર્ડર સાથે રૂ (૦.૩૨) કરોડના સુધારાને પણ ધ્યાને લીધેલ છે.

૧.૧૦ ટીપીએલ-ડી જણાવે છે કે ઇલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦૩ અંતર્ગત વિજદરનું નિર્ધારણ કાયદા અને રેગ્યુલેશનમાં દર્શાવેલ સિદ્ધાંતો મુજબ કરવામાં આવે છે. જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશનસ ડિસ્ટ્રીબ્યુશન લાઇસન્સી ના એઆરઆરમાં ધ્યાને લેવાની વસ્તુઓ સૂચિત કરે છે. પરંતુ, વિજદર નિર્ધારણ દરમ્યાન ધ્યાને લીધેલ નાંણાકિય વર્ષ ૨૦૧૬-૧૭ ના ડીપીસી નુ રેગ્યુલેશનની જોગવાઇઓથી વિરુદ્ધ નિરૂપણ થયેલ છે. માટે, ટીપીએલ-ડીએ માનનીય કમીશનને રેગ્યુલેશનની જોગવાઇઓ મુજબ રૂ ૨.૯૧ કરોડને અગાઉના વર્ષોની ખાધમાં યોગ્ય રીતે ધ્યાને લેવા વિનંતી કરેલ છે.

૧.૧૧ નાંણાકિય વર્ષ ૨૦૧૮-૧૯ માટે સુરત સપ્લાય વિસ્તારની ખાધ/(પુરાંત)ની સંક્ષિપ્તમાં માહિતી નીચે દર્શાવેલ કોષ્ટકમાં આપેલ છે.

**કોષ્ટક ૨: નાંણાકિય વર્ષ ૨૦૧૮-૧૯ માટે સુરત સપ્લાય વિસ્તારના આવકની ખાધ/(પુરાંત)**

| રૂ. કરોડમાં | વાસ્તવિક |
|---|---|
| ટ્રુ-અપ એઆરઆર | ૨,૩૩૮.૮૨ |
| | |
| વીજળીના વેચાણથી થતી આવક | ૨,૨૭૯.૬૬ |
| બાદઃ જીઇઆરસી દ્વારા મંજૂર કરેલ અગાઉના સમયની ખાધ/(પુરાંત) | ૧૧૩.૬૨ |
| **બાકીની આવક** | **૨,૧૬૬.૦૪** |
| | |
| **ખાધ/(પુરાંત)** | **૧૭૨.૭૮** |

૧.૧૨ ટીપીએલએ માનનીય કમીશનને ઉપરની ગણતરી મુજબ એઆરઆરની અને આવકની ખાધ મંજૂર કરવા માટે અરજ કરેલ છે.

**નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના એઆરઆર :**

૧.૧૩ માનનીય કમીશન એ નાંણાકિય વર્ષ ૨૦૨૦-૨૧ ના એઆરઆરની મંજુરી ૨૪ એપ્રિલ, ૨૦૧૯ ના ઓર્ડર (કેસ નંબર ૧૭૬૫/૨૦૧૮) દ્વારા આપી છે. તદ્દાનુસાર ટીપીએલએ નાંણાકિય વર્ષ ૨૦૨૦-૨૧ ના એઆરઆર નીચેના કોષ્ટકમાં આપેલ છે.

**કોષ્ટક ૩: નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે સુરત પુરવઠા વિસ્તાર માટે ના એઆરઆર**

| **રૂ. કરોડ** | **નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧** |
|---|---|
| વીજ ખરીદી | ૧,૭૪૫.૧૫ |
| ઓ એન્ડ એમ ખર્ચ | ૧૪૦.૯૪ |
| વ્યાજ ખર્ચ | ૩૨.૦૬ |
| સીક્યુરીટી ડીપોઝીટ નું વ્યાજ ખર્ચ | ૧૯.૩૪ |
| કાર્યકારી મુડીનો વ્યાજ ખર્ચ | – |
| ઘસારો | ૫૭.૮૭ |
| ઘાલખાધ | ૦.૩૯ |
| કન્ટીજન્સી રીઝર્વ | ૦.૪૦ |
| ઇકવીટી પર મળવાપાત્ર વળતર | ૯૭.૦૫ |
| આવક વેરો | ૩૯.૬૮ |
| બાદ : નોન ટેરીફ આવક | ૨૩.૮૫ |
| **એઆરઆર** | **૨,૧૦૯.૦૩** |

**નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટેની ખાધ /(પુરાંત)નું વિશ્લેષણ :**

૧.૧૪ ભેઝ એફપીપીપીએ સાથેના વીજવેચાણથી થતી આવકને ધ્યાને લઇ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ની ખાધ/(પુરાંત) તારવવામાં આવેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ની ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૪: નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે સુરત પૂરવઠા વિસ્તારના આવકની ખાધ/(પુરાંત)**

| **રૂ.કરોડમાં** | |
|---|---|
| એઆરઆર | ૨,૧૦૯.૦૩ |
| બાદ : | |
| પ્રવર્તમાન વીજદર અને રૂ.૧.૩૮ પ્રતિ યુનીટ ના એફપીપીપીએથી થતી આવક સહીત વીજળીના વેચાણથી થતી આવક | ૨,૨૪૭.૮૩ |
| | |
| **ખાધ/(પુરાંત)** | **(૧૩૮.૮૦)** |

ટીપીએલએ માનનીય કમિશનને ઉપર દર્શાવેલ ખાધ/(પુરાંત)ને મંજૂર કરવા રજુઆત કરેલ છે.

૧.૧૫ ટીપીએલએ તેના અમદાવાદ/ ગાંધીનગર અને સુરત સપ્લાય વિસ્તાર માટે જીઇઆરસી (ડિમાન્ડ સાઇડ મેનેજમેન્ટ) રેગ્યુલેશનસ, ૨૦૧૨ અનુસાર બનાવેલ ડીએસએમ પ્લાનને માનનીય કમીશન સમક્ષ રજુ કરેલ છે. માનનીય કમીશને સુરત સપ્લાય વિસ્તાર માટે રૂ.૫.૭૦ કરોડ મંજૂર કરેલ છે. આ બાબતે, ટીપીએલએ નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન રૂ.૦.૧૪ કરોડ નો ખર્ચ કરેલ છે. ટીપીએલ-ડી જણાવે છે કે તેને નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન ડીઇએલપી પ્રોગ્રામ અંર્તગત કોઇ ઇનવોઇસ મળેલ ન હોવાથી ડીઇએલપી પ્રોગ્રામ પેટે કોઇ ખર્ચ કરેલ નથી.

૧.૧૬ ટીપીએલ જણાવે છે કે કાયદામાં ફેરફારને કારણે કર્મચારી ખર્ચમાં વધારો થયો છે. ભારત સરકારે તા.૨૯ માર્ચ ૨૦૧૮ ના જાહેરનામા દ્વારા પેમેન્ટ ઓફ ગ્રેચ્યુઇટી એક્ટ, ૧૯૭૨ માં કરેલ સુધારા અંર્તગત ગ્રેચ્યુઇટી ની મહતમ મર્યાદા રૂ.૧૦ લાખથી વધારીને રૂ.૨૦ લાખ કરેલ છે. માટે, ટીપીએલ જણાવે છે કે આ જાહેરનામુ જીઇઆરસી એમવાયટી રેગ્યુલેશન ૨૦૧૬ ના રેગ્યુલેશન ૨(૧૫) અંર્તગત કાયદામાં ફેરફાર છે. તદાનુસાર, ટીપીએલડીએ માનનીય કમિશનને નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ના એઆરઆરના ટ્રુ અપ ઉપરાંત ઉપરોક્ત કાયદામાં ફેરફાર ની અસરને અનિયંત્રીત રીતે મંજુરી આપવા વિનંતી કરી છે.

૧.૧૭ ટીપીએલ-ડીએ માનનીય કમિશનને મંજુર કરેલ/ નિર્દિષ્ટ કરેલ પદ્ધતિ મુજબ, બાકી રહેલ દાવાઓ સહિતની નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ની ખાધ/(પુરાંત)ના, વ્યાજ ખર્ચ (કેરીંગ કોષ્ટ) પેઠે રૂ.૩૫.૯૯ કરોડ તારવેલ છે. તે મુજબ, ટીપીએલ-ડીએ માનનીય કમિશનને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧નાં દર નિર્ધારણ માટે નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ અને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ની ખાધ/(પુરાંત) ઉપરાંત ઉપરોક્ત બાકી રહેતા નાણા ધ્યાને લેવા વિનંતી કરેલ છે.

૧.૧૮ ટીપીએલ-એ માનનીય કમિશનને પાછલા વર્ષોની સ્થગિત રાખેલ કેરીંગ કોષ્ટ ને માનનીય ટ્રિબ્યુનલના નિર્ણય બાદ કેરીંગ કોષ્ટ ચાર્જ તરીકે વસુલવાની રજુઆત કરેલ છે.

૧.૧૯ આમ કુલ ખાધ રૂ.૭૧.૯૯ કરોડ થઇ છે. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટેના દર નિર્ધારણ માટેની આવકની ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૫: નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના દર નિર્ધારણ માટે સુરત પૂરવઠા વિસ્તારના આવકની સંચિત ખાધ/(પુરાંત)**

| રૂ.કરોડમાં | |
|---|---|
| નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે ખાધ/(પુરાંત) | ૧૭૨.૭૮ |
| વ્યાજ ખર્ચ (કેરીંગ કોષ્ટ) | ૩૫.૯૯ |
| ડીએસએમ | ૦.૧૪ |
| નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે કાયદામાં ફેરફારની અસર | ૧.૮૮ |

| રૂ. કરોડમાં | |
|---|---|
| નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ની ખાધ/(પુરાંત) | (૧૩૮.૮૦) |
| | |
| **વીજદર મારફતે વસુલવા યોગ્ય સંચિત ખાધ/(પુરાંત)** | **૭૧.૯૯** |

૧.૨૦ ટીપીએલ-ડીએ રૂા.૭૧.૯૯ કરોડની સંચિત ખાધની વસૂલાત, ૧ એપ્રિલ, ૨૦૨૦ થી, નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના વીજદરમાં રૂા.૦.૨૧ પ્રતિ યુનિટના સુધારા દ્વારા કરવાનો પ્રસ્તાવ કરેલ છે.

૧.૨૧ અત્રે નોંધનીય છે કે ટીપીએલ-ડીના વિજદર છેલ્લે નાંણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં વધારવામાં આવેલા. ત્યારથી, ફુગાવાનું દબાણ હોવા છતાં, ટીપીએલ-ડી તેના ખર્ચે ઓપરેશનલ કાર્યક્ષમતા મારફતે પ્રબંધ કરેલ છે. સુધારેલા વિજદર ની મંજૂરી પાછલા વર્ષોની બાકી રહેલ વસૂલાતનો બોજો દૂર કરવા અને ટીપીએલ-ડીને પાવરની ગુણવત્તા, વિશ્ર્વસનીયત્તા અને ગ્રાહકસેવાના ઉચ્ચ સ્તરો જાળવવી રાખવા તેમજ તેમાં વધુ સુધારો કરવા અનિવૉય છે.

૧.૨૨ વીજદર માળખાના સુચીત ફેરફારનો સારાંશ **એનેક્ષર ૧** માં આપવામાં આવેલ છે.

દાદ ઃ

૧.૨૩ ટીપીએલએ હાલની અરજી નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ના ટ્રુઇંગ અપ અને નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે સુરત સપ્લાય વિસ્તાર માટેના વીજ દર નિર્ધારણ માટે દાખલ કરી છે.

૧.૨૪ હકીકતો અને સંજોગોને આધારે, ટીપીએલએ માનનીય કમિશનને નીચે મુજબની અરજ કરેલ છે:

એ) નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ના ટ્રુઇંગ અપ, અને નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના વીજ દર નકકી કરવા માટેની પીટીશનની સ્વીકૃતી.

બી) નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ના ટ્રુઇંગ અપ અનુસાર ખાધ/(પુરાંત)ની મંજૂરી.

સી) નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ના ટીપીએલ-ડી દ્વારા પ્રસ્તાવિત નફા/નુકશાનની વહેંચણીની મંજૂરી.

ડી) સંચિત ખાધ/(પુરાંત)ની મંજૂરી.

ઈ) વ્હીલીંગ એઆરઆર અને એને અનુરૂપ વીજ વહન માટેના દરની તા.૧લી એપ્રિલ, ૨૦૨૦ થી મંજૂરી

એફ) કાયદામાં ફેરફાર અને ડીપીસી અંતર્ગત વર્તમાન પિટિશનમાં પ્રસ્તાવિત કરેલ ખર્ચ ની વસુલાત માટેની મંજુરી.

જી) રીટેલ વીજદર થકી વસુલાતની મંજુરી.

એચ) અરજદાર દ્વારા માનનીય ટ્રીબ્યુનલમાં કરેલી અરજીઓના નિર્ણયો અનુસાર ખર્ચાઓની વસુલાત માટેની મંજૂરી.

આઇ) ભવિષ્યમાં અરજીમાં ઉમેરો/સુધારા/ફેરફાર/બદલાવો માટેની પરવાનગી.

જે) અરજી કરનારને કાર્યવાહી દરમ્યાન અસરકારક પ્રસ્તુતી માટે સમયાનુસાર જુરૂરી દલીલો અને દસ્તાવેજો ફાઇલ કરવા માટેની પરવાનગી.

કે) માનનીય કમીશનને યોગ્ય લાગતી અન્ય રાહત, આદેશ અથવા નિર્દેશની વિનંતિ

એલ) કોઇપણ અજાણતા થયેલી ગફલત/ભૂલ/તફાવત/ખામીઓ ની માફી

*(નોંધ:ગુજરાતી અનુવાદ મુળ અંગ્રેજી નકલ પર આધારિત છે. અર્થઘટન માટે અંગ્રેજી નકલ પ્રમાણિત ગણાશે.)*

## ટીપીએલ-ડીના સુરત સપ્લાય વિસ્તાર માટેના સુચીત દરો

| ક્રમ | કેટેગરી | ફિક્સ્ડ ચાર્જ |
|---|---|---|
| ૧ | **આરજીપી**<br>(રહેણાંકનાં કનેકશન માટે<br>• સિંગલ ફેઝ સપ્લાયઃ ૬ કિલોવોટ સુધીના કુલ વીજભાર માટે<br>• થ્રી ફેઝ સપ્લાયઃ ૬ કિલોવોટથી વધુના કુલ વીજભાર માટે) | **બીપીએલ સિવાયના ગ્રાહકો માટે**<br><br>**સિંગલ ફેઝ સપ્લાય**<br>રૂા ૩૫ પ્રતિ ઈન્સ્ટોલેશન પ્રતિ માસ<br><br>**થ્રી ફેઝ સપ્લાય ૧૫ કિલોવોટ સુધી**<br>રૂા ૭૫ પ્રતિ ઈન્સ્ટોલેશન પ્રતિ માસ<br><br>**થ્રી ફેઝ સપ્લાય ૧૫ કિલોવોટથી વધુ**<br>રૂા ૧૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ |
| ૨ | **જીએલપી** | **સિંગલ ફેઝ સપ્લાય**<br>રૂા ૫૫ પ્રતિ ઈન્સ્ટોલેશન પ્રતિ માસ<br><br>**થ્રી ફેઝ સપ્લાય**<br>રૂા ૧૦૦ પ્રતિ ઈન્સ્ટોલેશન પ્રતિ મસ |
| ૩ | **નોન- આરજીપી**<br>(અલગ એલટી કેટેગરીમાં આવરી લેવાયેલ ન હોય અને ૧૫ કિલોવોટ કે તેથી વધુ વીજભાર ન હોય તેવા કનેકશન માટે) | **પ્રથમ ૧૦ કિલોવોટ**<br>રૂા.૮૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**પછીના ૫ કિલોવોટ**<br>રૂા ૯૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ |
| ૪ | **એલટીએમડી**<br>(અલગ એલટી કેટેગરીમાં આવરી લેવાયેલ ન હોય અને ૧૫ કિલોવોટ કે તેથી વધુ વીજભાર ધરાવતા હોય તેવા કનેકશન માટે) | **કોન્ટ્રાકટ ડિમાન્ડ સુધીની બિલિગ ડિમાન્ડ**<br>**૨૦ કેવીએ સુધીની બિલીંગ ડિમાન્ડ**<br>રૂા.૧૨૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br>**૨૦ કેવીએથી વધુ અને ૬૦ કેવીએ સુધીની બિલીંગ ડિમાન્ડ**<br>રૂા.૧૬૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br>**૬૦ કેવીએથી વધુની બિલીંગ ડિમાન્ડ**<br>રૂા.૨૪૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br><br>**કોન્ટ્રાકટ ડિમાન્ડ કરતાં વધુ બીલીંગ ડિમાન્ડ**<br>રૂા.૩૦૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ |
| ૫ | **એચટીએમડી - ૧**<br>(સ્થાનિક સત્તામંડળો દ્વારા ચલાવવામાં આવતા પમ્પિંગ સ્ટેશનો સિવાયના હેતુઓ માટે ૧૦૦ કેવીએ અને તેથી વધુની કોન્ટ્રાકટ ડિમાન્ડ માટે) | **કોન્ટ્રાકટ ડિમાન્ડ સુધીની બિલિગ ડિમાન્ડ**<br>**પ્રથમ ૫૦૦ કેવીએ સુધી**<br>રૂા ૧૮૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br>**૫૦૦ કેવીએથી વધુ**<br>રૂા ૩૦૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br>**કોન્ટ્રાકટ ડિમાન્ડ કરતાં વધુ બીલીંગ ડિમાન્ડ**<br>રૂા.૪૧૫ પ્રતિ કેવીએ પ્રતિ માસ |
| ૬ | **એચટીએમડી - ૨**<br>(સ્થાનિક સત્તામંડળો દ્વારા ચલાવવામાં આવતા વોટર વર્કસ અને પમ્પિંગ | **કોન્ટ્રાકટ ડિમાન્ડ સુધીની બિલિગ ડિમાન્ડ**<br>**પ્રથમ ૫૦૦ કેવીએ સુધી**<br>રૂા.૧૪૫ પ્રતિ કેવીએ પ્રતિ માસ |

| ક્રમ | કેટેગરી | ફિક્સ્ડ ચાર્જ |
|---|---|---|
| | સ્ટેશનો માટે ૧૦૦ કેવીએ અને તેથી વધુની કોન્ટ્રાક્ટ ડિમાન્ડ માટે) | **૫૦૦ કેવીએથી વધુ**<br>રૂ ૨૩૫ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br><br>**કોન્ટ્રાક્ટ ડિમાન્ડ કરતાં વધુ બીલીંગ ડિમાન્ડ**<br>રૂ ૩૭૫ પ્રતિ કેવીએ પ્રતિ માસ |
| ૭ | **એચટીએમડી - મેટ્રો ટ્રેક્શન**<br>(૧૦૦ કેવિએ અને તેથી વધુની કોન્ટ્રાક્ટ ડિમાન્ડ) | **કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિંગ ડિમાન્ડ**<br>રૂ ૩૫૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br><br>**કોન્ટ્રાક્ટ ડિમાન્ડ કરતાં વધુ બીલીંગ ડિમાન્ડ**<br>રૂ ૪૦૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ |

એ) **એનર્જી ચાર્જ:** ટીપીએલ-ડીએ બીપીએલ ગ્રાહકો માટે પ્રથમ ૩૦ યુનિટ સુધીના એનર્જી ચાર્જમાં કોઇ ફેરફાર સૂચવેલ નથી. જ્યારે, અન્ય દરેક કેટેગરી અને સ્લેબના એનર્જી ચાર્જમાં રૂ.૦.૧૫ પ્રતિ યુનિટનો વધારો સૂચવેલ છે.

બી) **ઓપન એક્સેસ ચાર્જીસ** : ટીપીએલએ ઓપન એક્સેસ ગ્રાહકોને લાગુ પડતા વ્હીલિંગ ચાર્જીસ અને ક્રોસ સબસીડી સરચાર્જ નિર્ધારણ કરવા પ્રસ્તાવિત કરેલ છે.

સી) **એચટીએમડી મેટ્રો ટ્રેક્શન માટેના એનર્જી અને ટીઓયુ ચાર્જ** : ટીપીએલ-ડીએ એચટીએમડી મેટ્રો ટ્રેક્શન ગ્રાહકો માટે રૂ.૩.૪૫ પ્રતિ યુનિટનો એનર્જી ચાર્જ તેમજ ૫૦૦ કેવીએ સુધીની બિલીંગ ડિમાન્ડ માટે રૂ.૦.૪૫ પ્રતિ યુનિટ અને ૫૦૦ કેવીએથી વધુની બિલીંગ ડિમાન્ડ માટે રૂ.૦.૮૦ પ્રતિ યુનિટના ટીઓયુ ચાર્જ સૂચવેલ છે.

ડી) **પાવર ફેક્ટર એડજસ્ટમેન્ટ ચાર્જ એલટીએમડી ગ્રાહકોને લાગુ પડે છે** :

- પાવર ફેક્ટરના પ્રત્યેક ૧% સુધારા પર વળતર આપવામાં આવે છે.
  - પાવર ફેક્ટર ૯૦%-૯૫% - ૦.૧૫ પૈસા/યુનિટ
  - પાવર ફેક્ટર ૯૫% થી વધુ - ૦.૨૭ પૈસા/યુનિટ
- પાવર ફેક્ટરમાં પ્રત્યેક ૧% ના ઘટાડા પર દંડ વસૂલ કરવાની જોગવાઇ છે.
  - ૯૦% થી ઓછો પાવર ફેક્ટર - ૪.૦૦ પૈસા/યુનિટ

*(નોંધ:ગુજરાતી અનુવાદ મુળ અંગ્રેજી નકલ પર આધારિત છે. અર્થઘટન માટે અંગ્રેજી નકલ પ્રમાણિત ગણાશે.)*